(૩) એ પ્રમાણે ફરીફરીને (ચડવા માટે) બે ત્રણ વાર મંડયો રહ્યો, તોપણ તેમાં નહિ ફાવવાથી ફરીને તૈયાર થયો.

(૪) હિંમત રાખીને હોંસભેર છઠ્ઠી વાર ચડયો અને ધીરજ રાખી તો જાળ પર નક્કી જઇને પહોંચ્યો.

(૫) જો તેણે હોંસથી વારંવાર મહેનત કરી નહોત, તો (પ્રાણીના) પગ નીચે અગદાઇને વગર મોતે મરી ગયો હોત.

(૯) એ પ્રમાણે (કરોળીઆની પેઠે) માણુસો મનમાં હોંસ રાખીને આળસ છોડી દઇને જો મહેનત કરે, તો ઘણુંજ ફાયદો પામે. (દરેક બાળકોએ પોતે જે સારાં કામ હાથ લીધાં હોય તેને મુકી દેવાં નહિ. કારણ કે સારાં કામમાં હિંમત રાખી જો મચ્યા રહીએ તોજ ફાયદો થાય છે.)

(પાઠ ૧૫ મો) હળીમળીને ચાલવા વિષે.

મળી=ભેગા થઈ	લાજ=આબરૂ, ઈજ્જત	કલેશ=કજીઓ
બંને=બે	ઘટે=ઓછી થાય	ન=નહિ
સંપી=હળીમળી	નિંદે=ભુંડ બોલે	હળતાંમળતાં=એકબીજાને મળીને
સુખ=આનંદ	બળવંત=જોરાવર બળવાન	ગીતો=સારાં ગાયન
ચેન=ગમ્મત, નિરાંત, મજા	સદ=હમેશાં	ગાય=બોલે
લડે=વઢે	આપે=દે	માતા=મા
રડે=રોવ	દાડા=દિવસ	રાજી=ખુશી.
સઘળો=બધો	કદી=કોઈ દિવસ	
શોક=દીલગીરી	લેશ=જરા	

( ) હે બેન ! આ પણે બંને જણાં જો, હળીમળીને રહીએ, (રમીએ) તો સુખ થાય, અને ગમ્મત પડે પણ જો વઢીએ કે રોઇએ, તો બધું ઉદાસ લાગે, અને તેથી આપણી આબરૂ ઓછી થાય, અને લોકો આપણી નિંદા કરે.

(૨) હે ! મારા જોરાવર પરમેશ્વર બાપ, તું અમને હમેશાં સંપસંપીને રહીએ એવું આપ, કે જેથી કરીને અમારા દિવસ આનંદમાં જાય, અને કોઈ દિવસ જરા પણ કજીયો થાય નહિ.

(૩) છોકરાં હળીમળીને રહેતાં હોય, અને કોઈ દિવસ વઢતાં કે રોતાં ન હોય, અને ખાઇપીને ગીત ગાતાં ફરતાં હોય, તો તેઓની મા મનમાં રાજી થાય છે.

(પાઠ ૧૭ મો) વગર વિચાર્યું ન કરવા વિષે.

વગર વિચાર્યું=વિચાર કર્યા વિનાનું | પાછળ=વાંસે, પછવાડે | જાન=જીવ, પ્રાણ
પસ્તાય=અફસોસ કરે

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તેને પાછળથી બહુ પસ્તાવો થાય છે. જુઓ કે એવા વિચાર વગરના કામ કરવાથી ઘણા માણસોના જીવ જાય છે.

(પાઠ ૨૫ મો) કુહાડી વિષે.

કુહાડી=લાકડા ફાડવાનું ઓજાર
પિતા=બાપ
બન્યો=થયો
બહાદુર=હોંશિયાર, ખબ-શાણો=ડાહ્યો [૨૬.૨
બાવ=ઘા
ચીજ=વસ્તુ, જણસ
ભાળે=દેખે, જુએ
ખેલતો=રમતો
ઝાંપે=પાદરે, ભાગોળે
તળાવ=તળાવ ઉપર
નીર=પાણી, જળ
તાંહી=ત્યાં
નિહાળ્યું=ધારીને જોયું
માંહી=અંદર
ડર્યો=બીન્યો
દીલે=મનમાં
રડ્યે=રોયો
તેઘડી=તે વેળા
જરા=થોડી
ચીસ=રાડ ઘાંટા
સદા=હમેશાં, રોજ
સાદ=અવાજ
સુણી=સાંભળી
ગુલત=ઝોકાં ખાતાં
ભલાં=સારાં
સમાત=ડુબતાં
વદે=એ લે
બતાવી=દેખાડી
માતા=દેવી
માથું હલાવી=માથું ધુણાવી, ના કહી
દીધી=આપી
સાથ=સાથે

(૧) એક નાનો છોકરો પોતાના બાપની કુહાડી લઇને જાણે ! હિંમતવાન ડાહ્યો ભાયડો બન્યો હોયની ! તેમ થયો. જે વસ્તુ દેખે તે ઘા મારીને કાપી નાંખે; એમ રમતો રમતો ગામની બહાર તળાવ હતું ત્યાં ગયો.

(૨) ત્યાં (તળાવમાં) માછલાએ જરા પાણી હલાવ્યું. તેથી બાળકે પાણીની અંદર કાંઇક જોયું; એટલે બાળક મનમાં બીન્યો અને કુહાડી પાણીમાં પડી ગઇ, તે વેળા ઘણી રાડ પાડીને રોવા લાગ્યો.

(૩) હમેશાં પાણીમાં ઝોકાં ખાતાં અને ડુબતાં એવાં સારાં દેવી માતા તે છોકરાનો સાદ સાંભળીને આવ્યાં. અને બોલ્યાં કે, આ રૂપાની કુહાડી છે. પણ બાળક કહે છે, કે હે માતા! મારી કુહાડી એવી નથી.

(૪) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી, ત્યારે માથું ધુણાવીને ના પાડીને) બાળક કહે છે, કે એ પણ મારી નથી. અને તો મારી કુહાડી સારી ગમે છે. માટે હે ભલાં માતાજી!! તમે પાણીમાંથી તે મારી કુહાડી કાઢી આપો.

દોહરો.

સંપત=ધન, સમૃદ્ધિ, દોલત	મેર=દયા કૃપા, મહેરબાની
હોજો=થજો	જગનાથ=જગનો ધણી, પરમેશ્વર

દેવીએ પાણીમાંથી કુહાડી કાઢી દઇને તે બાળક સાથે બોલી, કે તને સુખ અને દોલત મળજો, અને ઇશ્વરની તારા ઉપર મેહેરબાની થજો. (કોઇની સારી વસ્તુ જોઇને તેને વળગી પડવું નહિ કારણ કે તેથી સંકટ આવી પડે છે અને જે વળગી પડતો નથી તેને ઘણોજ જશ મળે છે.)

(પાઠ ૩૪ મો) પ્રભુનો મહિમા.

મહિમા=મહતા, મોટાઇ	અપાર=ઘણીજ	ખીલત=ઉઘડતાં
જગપતિ=દુનિયાનો ધણી	પ્રાણીઓ=જીવો	ગાન=ગાયન
જગમ=દુનિયામાં	સરજાવ્યાં=બનાવ્યાં	સુંદર=ખુબસુરત
રચી=બનાવી	સંસાર=દુનિયા	શોભત=દીપતાં
રચના=બનાવટ, ગોઠવણ	નવરંગી=જુદા જુદા રંગના	પાંખ=પક્ષીને ઉડવાનું સાધન
રૂડી=સારી		

તરૂ=ઝાડ
પહાડ=ડુંગરા
કરાડ=ખો, મોટું બેખડો
સિંધુ=દરિઓ
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચડવા ઉતરવાનો રસ્તો
રળિઆમણી=શોભિતી
વનવાટ=જગંલનો રસ્તો
શીતળ=ટાઢો, ઠંડો
ઠંડક=ટાઢક
ખાસ=સારી
નિરધાર=ખરેખરો, નક્કી
ઝુલતાં=ટીંગાતાં, લટકતાં
મધુર=સારાં, મીઠાં
નાદ=અવાજ, સાદ
સુદ=અજવાળીયું
તણી=ની
કળા=પ્રકાશ, શોભા, રચના
અંશ=ભાગ
વદ=અંધારીયું
તારા=ચાંદરણાં
તેજ=પ્રકાશ
દીસે=દેખાય
રૂડોરંગ=સારો પ્રકાશ
કારણું=માટે
મેદાન=જંગલ
સાથ=સાથે
ચાવણું=ખોરાક, ખાવાનું
તરતાં=પાણી ઉપર રહેતાં
જળમહીં=પાણીમાં
ભલું કર્યું=સારૂં કર્યું
ઉપકાર=આભાર, ગુણ
કીધો=કર્યો
કળ=અદ્ભુત શક્તિ
કળી=જાણી, ઓળખી
સરજી=બનાવી પેદા કરી
સરજનહાર=દુનીયાનો બનાવનાર પરમેશ્વર
ચાવણું=ખાવાનું

(૧) દુનિયાના બનાવનાર પરમેશ્વરે દુનિયાની રચના ઘણી સારી બનાવી છે, અને દુનિયામાં નાનાં મોટાં પ્રાણીઓ પણ બનાવ્યાં છે.

(૨) તરેહવાર રંગનાં ફુલો ખીલી રહ્યાં છે, અને પક્ષીઓ ગાયન કરે છે. પાંખ ઉપરના અને ઝાડના પાંદડાંના સુંદર રંગો શોભા આપે છે.

(૩) મોટા મોટા પહાડો, ઉંચા ટેકરા, દરિયા, નદીઓ અને નદીના ઘાટ, શહેર અને જંગલના રસ્તા વગેરેની આ બધી રચના સુંદર બનાવી છે.

(૪) શિઆળામાં ઠંડો પવન સારી શીતળતા આપે છે, અને ઉનાળામાં સૂર્યના તાપથી ખરેખર ગરમી પડે છે.

(૫) ચોમાસાના દહાડામાં વરસાદ વરસે છે, અને ઝાડે ફૂળો લટકતાં દેખાય છે. વળી મોર મધુરા અવાજ કરે છે.

(૬) અજવાળીઆમાં ચંદ્રનું તેજ આનંદ આપે છે, અને અંધારીઆમાં ચાંદરણાના તેજનો પ્રકાશ સારો દેખાય છે.

(૭) મોટાં મેદાનો રમત ગમતને માટે બનાવ્યાં છે. અને વેલા અને પાન પાણીમાં કેવાં તરે છે. ! !

(૮) જોવાને માટે આંખો આપી છે, અને સાંભળવાને માટે કાન આપ્યા છે. બોલવાને માટે જીભ બનાવી, તે હે ! ભગવાન, એ બધું બહુ સારૂં કર્યું છે.

(૯) દાંતની સાથે ખોરાક આપી ઘણો જ ઉપકાર કર્યો છે. દુનીયાના બનાવનાર પરમેશ્વરની અદ્ભુત શક્તિ કોઇથી કળી શકાતી નથી (આવા પ્રભુ જેમણે આપણે માટે આવી સોઇ કરી છે એને સહેજ પણ ભૂલવો નહિ.)

(પાઠ ૩૫ મો) વસંત ઋતુ.

વસંતઋતુ=ફાગણ ચૈત્રની ઋતુ, એ ઋતુમાં જે સૃષ્ટી સૌંદર્ય તે
વિશાળ=મોટા, ઘણા, લાંબા, પહોળા
છવાએલ=પથરાએલ
તંબુ=ડેરો
રૂપ=આકાર
પૃથ્વી=જમીન
પલ્લવ=પાન
ધરી=રાખી, ધારણ કરી
સ્હોય=શોભે
મીઠા=મધુરા
બોલ=વચન
કલોલ=આનંદ, ખુલતા
વિશેષ=વધારે
બેશ=સારૂં
ઘડી=બનાવી
ખેલે=રમે
ઉડે=ફરફર થાય
ચૌટાં=બજાર
ચોક=ફળીયું, જે ખુલ્લા મેદાનમાં બજાર ભરાતો હોય તે જગ્યા
ગુંજાર=ગણગણાટ
નવરંગ=તરેહતરેહના રંગ
અપાર=ઘણા
શોભે=દીપે
મોર=આંબાનો કોર
ખીલે=ફુલી, ઉઘડી
ચાંદની=ચંદ્રમાનો પ્રકાશ
ચારેકોર=બધી તરફ
સ્વાદે=મીઠાશે, લહેજતે
જન=માણસ
શીતળ=ટાઢું, ઠંડું
નીર=પાણી
પવન=વાયરો
સુખીઉં=આરોગ્ય, સાજુંતાજું, તંદુરસ્ત.

(૧) મોટા વડ ઉપર પથરાએલા વેલા જાણે તંબુ તાણેલા હોયની! તેવા દેખાય છે. કેળ, નાળિએરી ને તાડ એ ઝાડો ધજા, વાવટાના આકાર (નિશાન) જેવાં જણાય છે.

(૨) ઝાડનાં પાન પાકી જવાથી પીળાં થઈ જમીનપર ખરી પડે છે પછી ઝાડને નવાં પાંદડાં આવવાથી ઝાડ શોભિતાં દેખાય છે.

(૩) કોયલ મધુરાં વચન બોલે છે, અને મેના, પોપટ કલોલ કરે છે. તેતર, કબુતર વગેરે બીજાં પક્ષીઓ રાગ કાઢીને ગાય છે અને સારૂં નાચે છે.

(૪) કેસુડાંનો રંગ બનાવી લોકો હોળીની રમત રમે છે. બગીચામાં ફુવારા ઉડાડે છે, અને બજારો ને ચોકમાં પાણીનો છંટકાવ કરે છે.

(૫) ભમરાઓ ગુંજાર કરે છે. અને ઝાડો પર તરેહ તરેહના ઘણા રંગો દેખાય છે. આંબા ઉપર મોર દીપે છે, અને ચારે તરફ ચંદ્રનો પ્રકાશ ખીલી રહ્યો છે.

(૬) માણસો શીખંડને મીઠાશથી ખાય છે, અને ઠંડુ પાણી પીએ છે. દક્ષિણ અને પશ્ચિમ દિશાના પવનથી શરીર સુખી રહે છે. (વસંતઋતુમાં શું શું બને છે તેનું વર્ણન કરેલું છે.)

(પાઠ ૪૮ મો) ખેડુત વિષે.

રે=હે	સઘળો=બધો [ભાવતો	નિપજાવે=ઉપજાવે
ખેડુત=ખેતી કરનાર	પાળતે=જીવાડતો, ન-	અન્ન=અનાજ
ખરે=સાચે, નક્કી	તુંજ=તું	સહુ=બધાં
તાત=બાપ, પૂજ્ય	જણાયો=દેખાયો	જીવ=પ્રાણીઓ
મણાયો=મનાયો	ધાન્ય=અનાજ	ઘરે=ગોહેર

જન=માણસ
વસ્ત્રા=લુગડાં
ભાવ=હોંશે, હેતથી
સહે=વેઠે, ખમે, ભોગવે
તાપ=તડકો
મહેનત=મજુરી, ઉદ્યોગ
લઠ્ઠ=મજબુત, અલમસ્ત
સદા=હમેશાં રોજ
સંતોષ=જે મળે તેથી રાજી રહેવું તે
ઉત્તમ=સૌથી સારૂં, શ્રેષ્ટ
પરઉપકારી=બીજાનું સારૂં કરનારી
ખરી=સાચી
ખંત=ચીવટ, કાળજી
દીએ=આપે
શિખ=શિખામણ.

(૧) હે ખેડુત! તું, ખરેખર આ દુનિયાનો બાપ ગણાય છે.[૧] (કારણ કે જે અનાજ તું પકવે છે તેથી દુનીઆનું પોષણ થાય છે.)

(૨) તું કપાસ, ફળ, ફુલ, ઘાસ અને અનાજ વગેરેને પકવે છે તે અનાજ બધા જીવ ખાય છે. અને માણસો હોંશથી શરીરે લુગડાં પહેરે છે.

(૩) તડકો અને વરસાદ વેઠે છે તું ઘણી સખત મહેનત કરતો હતો. શરીરે મજબુત (લઠ્ઠ) અને હમેશાં સંતોષમાં રહે છે.

(૪) ખેતી એ ખરેખર ઉત્તમ અને પારકાનું સારૂં કરનારી છે; ખરા દીલથી હોંશ રાખીને કામ કરવાની દુનિયાના માણસોને તું સારી શિખામણ આપે છે.

(આ કવિતાથી જણાશે કે ખેતી એ સૌથી ઉત્તમ છે.)

---

૧ (આ કવિતામાં જગતનો તાત ગણાયો એવું જે લખેલું છે એ અઘટિત છે કારણ કે જગતનો બાપ તો પરમેશ્વર છે માટે જગતમાં તાત ગણ્યો એમ લેવું જેથી એવો અર્થ થશે કે તું આ દુનીઆમાં પૂજ્ય ગણાય છે) તેથી આ બધી દુનિયાનો પાળનાર તું જણાય છે.

(પાઠ પર મો) મધમાખી વિષે.

મેનતુ=ઉદ્યોગી
હુન્નર=કસબ, હિકમત કળા
તણો=ની
મનહર=મન હરી લેતેવો મોહ પમાડનાર
મધપુડો=મધમાખીના ઘરને મધપુડો કહે છે. કારણ કે તેમાં તે મધ ભરી રાખે છે
રચે=બનાવે
રસ=સ્વાદ
તત્કાળ=તે વખતે
મીઠું=ગળ્યું
ચૂશી=સોષી
સરે=થાય
અપાર=ઘણું
મોટું=મહાભારત, જબરૂં, જંગી
ડાહી=સમજણી
ચોકખી=સાફ, સુઘડ
દિસે=દેખાય
આળસ=સુસ્તાઈ, એદીપણું
તજે=છોડે, મૂકે
તમામ=બધું
ઉદ્યોગી=કામમાં મચી રહેનાર, મહેનતુ
પંકાય=વખણાય

(૧) હે મધમાખી! તું એટલી બધી મહેનતુ છું, કે જાણે હુન્નરની નિશાળ હોયની!! મન હરી લે તેવો, સુંદર મધપુડો બનાવી તે વખતે તેમાં તરતજ ગળપણનો સ્વાદ મૂકે છે.

(૨) મીઠું મધ ચૂશી લઈ મીણ બનાવે છે, તેથી ઘણાં કામ થાય છે, અને તે (મધ ને મીણ) ઘણો ફાયદો કરે છે.

(૩ આવું નાનું સરખું જીવડું છે, છતાં કામ મોટાં (જરૂરનાં) કરે છે. તું ડાહી અને સુઘડ દેખાય છે, અને બધું આળસ છોડી દે છે.

(૪) કીડી, કરોળીઆ અને મંકોડા વગેરે જેઓ ઉદ્યોગી જીવડાં કહેવાય છે, તેમાં હે મધમાખી તું વખણાય છે.

(મધમાખી જેવડાં જ્યારે આટલો ઉદ્યોગ કરે છે તો આપણે તો અવશ્ય ઘણો ઉદ્યોગ કરવો જોઇએ.)

ડિક્ટેશનના શબ્દો.

વટેમાર્ગુ	કહ્યું	હઠીસંગ	પ્રધાન	ભાડકું
ભક્તિ	ત્રણ	મુદ્દલ	જંત્ર	જડયું
ધર્મશાળા	અ.ધોજ	યત્ન	દર્પણ	ગુમાવ્યો
પૃથ્વી	દોસ્ત	પોંચ્યો	સર્વ ફેંકી	સંદેહ
સરજ્યાં	કર્યું	ચકભિલ્લુ	વિચાર્યું	જનોઈ
પરમેશ્વર	ઝાલ્યો	કુચ્છ	બ્રાહ્મણ	છુરૂં
વર્ણન	છપ્પો	ચક્કર	ગુસો	ખુલ્લું
ભ્રમર	લાલચંદ	પેંતરા	વિદ્યાર્થી	ભૂલીશ
મુલ્લાં	આનંદ	અજીતસિંહ	મૂર્ખ	ડર્યો
તૂલ	છોકરૂં	દહ	ઈશ્વર	નિહાળ્યું
અંધકાર	પુત્ર	છુટ્ટી	ફુંફાડું	ભુજંગી
પ્રભુ	શીખ્યો	મિત્ર	ગાર્ડ	સોંપુ
ઋતુ	વિચાર્યું	સુતું	શીરનામું	ભુખ્યો
શ્રાવણ	મૂછો	મોં	કેળવ્યો	હૈયું
વસ્ત્ર	મસ્તી	અધું	સ્ટેશન	શીંગડાં
તેં	મેંકડો	સ્વાદે	ખોડગતો	રંગરેજ
દ્રાક્ષ	પહોંચાડયો	અંગેઠી	ફેંક્યું	સિંહ
રસ્તા	શિકારી	દોડયો	હીંચકા	પિઅર
કંસારા	અભાગીઉ	ઢીંગલી	ચઢાવ્યો	રડયું ખડયું
પિત્તળ	વિશ્રામ	કદ્દા	ફરજંદ	ચોટામાં
લક્કડ	ઊંચી	બળવંતા	ઓહ્દો	આપકર્મી
પેંઠ	હુંક	ઝુંટ	ટીમણુંક	પ્રાર્થના
પુષ્કળ	ગોંધતો	ખેંચતાણ	છોકરવાદી	તડંગધુમ
ભાગ્યશાળી	જક્કી	વાજું	હૈયાનો	તીર્થ
કુક્કડ	ઊધ્યાં	રામચંદ્રજી	આંબળો	દુશ્મન
સજ્જડ	ઢંગ	શ્રીરામ	લંગડો	લશ્કર
પ્રેમ	ભાગ્યે	કૌશલ્યા	ખોંખારો	તડુકતો
પૂછ્યું	પસ્તાયો	ધંતરમંતર	સાંભળ્યો	ભુજે

ઝીણાં	હુંડી	અત્તર	રંધાઇ	ઢીંચણ
સ્ત્રી	બંદોબસ્ત	મૂંજ	તત્કાળ	ઇંદ્રિયો
હુક્કું	ડાકતર	મુચ્છો	ઉદ્યોગ	સ્વાદ
નવરંગી	ઘોંઘાટ	સેંકડો	માંજર	સંધી
પલ્લવ	અંગારા	લઠ્ઠ	ફૂંક	છુટ્ટી
સ્હોય	લક્ષ્મણ	સંતોષ	વસ્તુ	સાક્ષા
વનસ્પતિ	સેકાઉં	ઉત્તમ	પ્રીતિ	વાસ્તે
પશ્ચિમ	નિર્દય	રોળાવૃત્ત	ટટ્ટી	ફલાલીન
માસ્તર	તાંબાકુંડી	લીલાછમ	પ્રાણી	ભીંગડાં
સ્લેટ	સસ્તું	ડુક્કર	કલ્યાગરૂં	રૂવાંટી
મુકુંદ	ઝીઝવો	વેંત	ખચ્ચર	ઇત્યાદિ
ક્યારડા				

શ્રી.

ગાયકવાડી રાજ્યની ભૂગોળ.

દિશાઓ સંબંધી માહિતી.

૧ જે બાજુ તરફ સૂર્ય ઉગે છે, તેને પૂર્વ કે ઉગમણી દિશા કહે છે.

૨ જે બાજુ તરફ સૂર્ય આથમે છે, તેને પશ્ચિમ કે આથમણી દિશા કહે છે.

૩ પૂર્વ તરફ મ્હોં કરીને ઉભા રહીએ, તો ડાબા હાથ તરફની બાજુને ઉત્તર દિશા કહે છે, અને જમણા હાથ તરફની દિશાને દક્ષિણ દિશા કહે છે. પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેના ખુણાને અગ્નિકોણ કહે છે.


૪ દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેના ખુણાને નૈઋત્ય કોણ કહે છે.

૫ પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેના ખુણાને વાયવ્ય કોણ કહે છે.

૬ ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેના ખુણાને ઇશાન કોણ કહે છે.

૭ ચાર મુખ્ય દિશાઓ અને ચાર ખુણાઓ મળી આઠ દિશાઓ થઈ, તેમાં ઉપરની અને નીચેની એટલે આકાશ તથા, પાતાળ તરફની બે દિશાઓ ઉમેરતાં દિશાઓ દશ થઈ.

નકશાની દિશાઓ.



નકશો સરળ રીતે વંચાય, એવી રીતે સામો ધર્યો હોય અગર ખીંટી ઉપર લટકાવ્યો હોય, તો તેની ઉપરની બાજુને ઉત્તર દિશા કહે છે; ને તેની નીચેની બાજુને દક્ષિણ દિશા કહે છે. જોનારના જમણા હાથ તરફની નકશાની બાજુને પૂર્વ, અને ડાબા હાથ તરફની બાજુને પશ્ચિમ દિશા કહે છે.

૧. જમીનના સાધારણ મોટા ઉંચા ભાગને ટેકરી કહે છે.

૨. ટેકરી કરતાં વધારે મોટા અને ઉંચા જમીનના ભાગને ડુંગર કહે છે.

૩. ચારે બાજુએ જમીનથી વીંટળાયેલા પાણીના મોટા ભાગને સરોવર કહે છે.

૪. ચારે બાજુએ જમીનથી વીંટળાયેલા પાણીના નાના ભાગને તળાવ કહે છે.

૫. પર્વત, ડુંગર કે સરોવરમાંથી જે મીઠા પાણીનો પ્રવાહ નીકળી જમીન ઉપર વહેતો જઇને સમુદ્રને કે બીજા કોઈ પાણીના

સમુહને મળે છે, તેને નદી કહે છે.

૬. જે ઠેકાણેથી નદીનો પ્રવાહ નીકળે છે, તે ઠેકાણાને નદીનું મૂળ કહે છે; અને જે ઠેકાણે તે સમુદ્રને મળે છે, તે ઠેકાણાને તેનું મુખ કહે છે.

૭ પૃથ્વીની સપાટી ઉપરના ખારા પાણીના મોટા સમુહને સમુદ્ર કહે છે

૮. સમુદ્રનો જે સાંકડો ફાંટો જમીનની ઉપર આઘો ગયો હોય, તેને અખાત કહે છે.

૯. ચારે તરફથી પાણીથી વીંટળાયેલા જમીનના ભાગને બેટ કહેછે.

૧૦. જે ગામ સમુદ્ર કે મોટી નદીને કિનારે હોવાથી ત્યાં વહાણો કે આગબોટો આવતાં હોય અને તેથી વેપાર ચાલતો હોય તે ગામને બંદર કહે છે.

૧૧. જે જમીનનો ભાગ ત્રણ બાજુએ પાણીથી વીંટળાયેલો હોય, તેને દ્વીપકલ્પ કહે છે.

૧૨. જે ઠેકાણે થોડાં ઘણાં ઘરો અને માણસોની વસ્તી હોય, તે ઠેકાણાને ગામ કે ગામડું કહે છે.

૧૩ જે ઠેકાણે ગામડા કરતાં વધારે ઘરો હોય, અને ઘણાં માણસોની વસ્તી હોય તેને કસ્બો કહે છે.

૧૪. જે ઠેકાણે કસ્બા કરતાં વધારે ઘરો અને માણસોની વસ્તી હોય તેને શહેર કહે છે

૧૫. સરકારની વસુલની સવડ માટે ઠરવેલા ગામોના જથાને તાલુકો કે મહાલ કહે છે.

૧૬. તાલુકામાં એટલાં બધાં ગામ હોય અગર તે એટલો મોટો હોય કે જેથી વસુલાત વગેરેની વ્યવસ્થા જોઈએ તેવી રીતે થઈ શકે નહિ, તે માટે થોડાંક ગામોનો સમુહ કે દૂરનો ભાગ મુકરર કરવામાં આવે તેને પેટા મહાલ કહે છે.

૧૭. તાલુકાઓના અમુક જથાને પ્રાંત અગર જીલ્લો કહે છે, એટલે પાંચ દશ તાલુકા મળીને એક પ્રાંત થાય છે.

વડોદરા પ્રાંત. ૧.

તાલુકા.	તાલુકાનાં મુખ્ય શહેરો.	વિશેષ હકીકત.
૧ પેટલાદ	+પેટલાદ, સોજીત્રા, +નાર, વસો, પીજ, ધર્મજ, મહેલાવ, ભાકરોલ, ચાંગા.	આ પ્રાન્તની જમીન રસાળ છે, હવાપાણી સારાં છે માણસો માયાળુ છે. રાજ્યગાદી વડોદરામાં સયાજી સરોવર, રાજમહાલ, વગેરે જોવા જેવું છે. પેટલાદ, વસો વીગરે સ્થળે રેશમી તથા સુતરાઉ કાપડ સારૂં થાય છે. એકંદરે પ્રાન્ત સારો છે ગામ ૮૨૧ વસ્તી ૫૪૪૦૭૧ માણસનીછે.
સાવલી	સાવલી. સોખડા, ગોઠડા, તુંડાવ, ડેસર, સાંકરદા.	
વાઘોડીઆ	વાઘોડીઆ, રવાલ, માડધર, સાંગાડોલ, જરોદ.	
વડોદરા	+વડોદરા છાણી, કોયલી, ગોરવા, ભાયલી, +ઈટોલા, વરણામા.	
પાદરા	+પાદરા, મુજપુર, વડુ, કરખડી, દગાપુરા, ડબકા, ડભાસા.	
ડભોઈ	+ડભોઇ, +કારવણ, +મંડાળા, સાઠોદ, નડા, થુવાવી.	
૨ સંખેડા	સંખેડા, +બહાદરપુર, ભાટપુર, વાસણા, કોશિંદ્રા.	
શિનોર	શિનોર, બરકાલ, ફોફળીઆ, કરનાળી, +તેન.	
ચોરંદા	મિયાગામ, +કરજણ, વલણ, કંડારી, કોરલ, ચોરંદા.	
ચાણોદ	+ચાણોદ	

૧ એને તાબે સિસ્વા નામનો એક પેટા મહાલ છે તેના મુખ્ય ગામ. ભાદરણ, સિસ્વા, વાલવોડ, બામણગામ, ઝારોલા.

૨ એને તાબે તિલકવાડા નામે પેટા મહાલ છે, તેનાં મુખ્ય ગામ તિલકવાડા, અમરોલી.

+ આવી નિશાની જે ગામો ઉપર કરી છે, તે સ્ટેશનનાં ગામ છે. એમ સમજવુ

આ પ્રાન્તમાં મુખ્ય નદીઓ ૧ વિશ્વામિત્રી, ૨ મહી, ૩ નર્મદા, ૪ ઓર, ૫ ઢાઢર.

કડી પ્રાન્ત ૨.

૧ પાટણ	×પાટણ, બાલીસણા, સંડેર, રણુજ, અણુજ.
સિદ્ધપુર	સિદ્ધપુર, ઊંઝા, ઊનાવા, અઇઠોર
ખેરાળુ	×ખેરાળુ, વડનગર, ઉમતા, સુઢીયા શિપોર, ડભોડા, લુણવા, જારકા.
વડાવલી	ચાણસમા, વડાવલી, ધીણોજ× સંખલપુર, મુઢેરા, ખેચર.
વિસનગર	વિસનગર, વાલમ, ભાંડું, કાંસા કડા દેણપ.
મહેસાણા	×મહેસાણા, લાંઘણજ, લીંચ, ×જગુદણ, ખેરવા.
વિજાપુર	વિજાપુર, લાડોલ, ગોઝારીઆ, વસઈ, ચરાણ.
કડી	કડી, ×ડાંગરવા, રાજપુર, કડ મેડાઆદરજ.
કલોલ	×કલોલ, સેરથ, રૂપાલ, કોલવડા, નારદીપુર, ×માનસર.
૨ દેહગામ	×દેહગામ, બહીએલ, નાંદોલ, મોટા ઈસનપુર, છાલા.

આ પ્રાન્તની જમીન સપાટ ને રેતાળ છે. વરસાદ સાધારણ થાય છે. તેથી બાજરી વગેરે સાધારણ ધાન્ય પાકે છે. આ પ્રાન્તની એકંદર ગામની સંખ્યા ૧૦૪૧ અને વસ્તી ૮૩૪૭૪૪ માણુસની છે.

આ પ્રાન્તમાં કેટલેક ઠેકાણે અફીણનું વાવેતર થાય છે અને ગાયકવાડી લાઈન પણ આ પ્રાન્તમાં આવેલી છે.

૧ એને તાબે હારીજ નામે પેટા મહાલ છે. તેનાં મુખ્ય ગામ હારીજ, અડીઆ.

૨ એને તાબે આતરસુંબા નામે પેટા મહાલ છે. તેનાં મુખ્ય ગામ આતરસુંબા, કાણિએલ, કુંકનીપુર.

આ પ્રાન્તમાં મુખ્ય નદીઓ સાબરમતી, રૂપેણ, ખારી, સરસ્વતિ, મેશ્વો, બનાસ, વાત્રક, વિગેરે નદીઓ છે.

નવસારી પ્રાન્ત. ૩

વેળાછા	વેળાછા, નાની નરોલી, માંગરોલ, હથુરણ, કોસાડી, ×કોસંબા, લીંમડા
(વાકળ)	વાકળ, ગોડબાર, આંબાવાડી.
કામરેજ મહાલ	કઠોર, વરીઆવ, ખોલવડ, કામરેજ, ધળાં, શેવણી
સોનગઢ	×સોનગઢ, સાલ્હેર. સેગોપાડા, ડેસવાડા, સિંગપુર, ઉખરદા.
(વાજપુર)	વાજપુર, આરકાટી.
વ્યારા	×વ્યારા, ડોલવણ, કાનપુરા, બેડાબોરખલી.
મહુવા	મહુવા, નરધરા, કાતી, મહુદરીઆ, ઝેરવાવળા, અનાવલ
પલસાણા	પલસાણા, બલેશ્વર, એનાવ્યલથાણ.
નવસારી	નવસારી, વેસ્મા, ઉભરાટ, ડાભેલ, ચોવીસી, મરોલી, ધામણ, તવડી, ×અમરેલી.
ગણદેવી	ગણદેવી, ×બીલીમોરા, ધમડાછા, મોસા.

આ પ્રાન્તની જમીન સાધારણ રીતે ઠંડી ને રસાળ છે તેથી ફળફળાદિ સારાં થાય છે. કેટલાક મુલકની જમીન પર્વતવાળી અને ડુંગરાળી છે. તેથી ત્યાંના પાણી માફક આવતાં નથી ધાણકા લોકોની વસ્તી વધારે છે. ઇમારતી લાકડાં વગેરે થાય છે. કુલ ગામ ૭૭૮ ને વસ્તી ૩૦૦૪૪૧ માણસની છે.

આ પ્રાન્તમાં મુખ્ય નદીઓ—તાપી, મીંઢોળા, પૂર્ણા, કાવેરી, આંબિકા, કીમ.

અમરેલી પ્રાન્ત. ૪

દામનગર	દામનગર, ચાવંડ, શામપુર, પાડરસીંગા	આ પ્રાન્તમાં ઘણીખરી જમીન પત્થરીઆ છે. હવા સુકી છે. વરસાદ સાધારણ થાય છે. કોડીનાર અને ધામી મહાલનાં પાણી સારાં ઘણા નથી. આ મહાલમાં યાત્રાનાં પ્રસિદ્ધ સ્થળ બે છે. દ્વારકાં અને બેટ શંખોદ્ધાર છે અને તેમાં વૈષ્ણવોનો મોટો મેળો ભરાય છે. ગામ ૩૦૨ ને વસ્તી ૧૭૩૪૩૬ માણસની છે.
(શિયાનગર)	શિયાનગર, માનપુર, રતનપુર, રાસપુર, નવાગામ.	
અમરેલી	અમરેલી, વાંઝીઆ, મોટા આંકડીઆ, વરસડા, સરવડા, નાના આંકડીઆ, બાબાપુર	
(ભીમકટ્ટા)	ભીમકટ્ટા.	
ધારી	ધારી, ચલાળા, ભાડેર, ભલગામ, સરસીઆ	
(ખાંભા)	ખંભ., હીંગોળા, ખાખબાઇ.	
કોડીનાર	કોડીનાર, દેવરી, ઘાંટવડ, છારા, ડોળાસા.	
ઓખામંડળ	દ્વારકાં, વરવાળા આરંભડા ધીણકી, ધ્રાણમવેલ પોશિત્રા	
(બેટ સંખોદ્ધાર) એકલુંજ છે	બેટશંખોદ્ધાર એકલુંજ છે.	

આ પ્રાન્તમાં મુખ્ય નદીઓ શેત્રુંજી, ધાતરવડી, વડી, શેત્રુંજી, શિંગવડો, ફેરી, સોમ, ગોમતી, ઓખા વિગેરે છે.

અને સમુદ્ર અરબી છે. પર્વત ચાચાઈ અને બેટ શંખોદ્ધાર છે.

:o:

ઘાતો.

શેરની ઘાત

શેરના અચ્છેરા ૨
શેરના પાશેરા ૪
શેરના નવટાંકા ૮
શેરના અધોળા ૧૬
શેરના રૂપિયાભાર ૪૦

૨ અચ્છેરે ૧ શેર.

૪ પાશેરે ૧ શેર
૮ નવટાંકે ૧ શેર
૧૬ અધોળે ૧ શેર
૪૦ રૂપિયાભાર ૧ શેર

શેરના રૂપિયાભાર

શેરના રૂપિયાભાર ૪૦
પોણા શેરના રૂપિયાભાર ૩૦
અચ્છેરના રૂપિયાભાર ૨૦
પાશેરના રૂપિયાભાર ૧૦
નવટાંકના રૂપિયાભાર ૫
અધોળના રૂપિયાભાર ૨॥

૨॥ રૂપિયાભારે ૧ અધોળ.

૫ રૂપિયાભારે ૧ નવટાંક
૧૦ રૂપિયાભારે ૦। શેર
૨૦ રૂપિયાભારે ૦॥ શેર
૩૦ રૂપિયાભારે ૦॥। શેર
૪૦ રૂપિયાભારે ૧ શેર

શેરના પૈસાભાર

શેરના પૈસાભાર ૭૨
પોણા શેરના પૈસાભાર ૫૪
અચ્છેરના પૈસાભાર ૩૬
પાશેરના પૈસાભાર ૧૮
નવટાંકના પૈસાભાર ૯
અધોળના પૈસાભાર ૪॥

૪॥ પૈસાભારે ૧ અધોળ.

૯ પૈસાભારે ૧ નવટાંક
૧૮ પૈસાભારે ૧ પાશેર
૩૬ પૈસાભારે ૧ અચ્છેર
૫૪ પૈસાભારે ૦॥। શેર
૭૨ પૈસાભારે ૧ શેર

શેરના નવટાંકા

૧ શેરના ૮ નવટાંકા
૦॥। શેરના ૬ નવટાંકા
૦॥ શેરના ૪ નવટાંકા
૦। શેરના ૨ નવટાંકા

શેરના પાશેરા.

૧ શેરના ૪ પાશેરા
૦॥। શેરના ૩ પાશેરા
૦॥ શેરના ૨ પાશેરા
૦। શેરનો ૧ પાશેરો

શેરના અધોળા.

૧ શેરના ૧૬ અધોળા
૦॥। શેરના ૧૨ અધોળા
૦॥ શેરના ૮ અધોળા
૦। શેરના ૪ અધોળા
૧ નવટાંકના ૨ અધોળા

૪ પાશેરે ૧ શેર.

૩ પાશેરે ૦॥। શેર
૨ પાશેરે ૦॥ શેર
૧ પાશેરે ૦। શેર

૨ અધોળે ૧ નવટાંક.

૪ અધોળે ૧ પાશેર
૮ અધોળે ૧ અચ્છેર
૧૨ અધોળે ૦॥। શેર
૧૬ અધોળે ૧ શેર

૨ નવટાંકે ૧ પાશેર.

૪ નવટાંકે અરધો શેર
૬ નવટાંકે પોણો શેર
૮ નવટાંકે એક શેર

ઇંચ, ફુટ, યાર્ડ.

૧૨ ઇંચનો ૧ ફુટ
૩ ફુટનો ૧ વાર (યાર્ડ)
૨ ફુટનો ૧ ગજ
૨ આંગળનો ૧ તસુ
૨૪ તસુનો ૧ ગજ

ફુટના ઇંચ.

૧ ફુટના ૧૨ ઇંચ
૦॥ ફુટના ૬ ઇંચ

૦ાા ફુટનો ૬ ઈંચ
૦ા ફુટના ૩ ઈંચ

૩ ઈંચનો ૦ા ફુટ.

૬ ઈંચનો ૦ાા ફુટ
૯ ઈંચનો ૦ાાા ફુટ
૧૨ ઈંચનો ૧ ફુટ

ગજના તસુ.

૧ ગજના ૨૪ તસુ
૦ાાા ગજના ૧૮ તસુ
૦ાા ગજના ૧૨ તસુ
૦ા ગજના ૬ તસુ

૬ તસુનો ૦ા ગજ.

૧૨ તસુનો ૦ાા ગજ
૧૮ તસુનો ૦ાાા ગજ
૨૪ તસુનો ૧ ગજ

ગજના ફુટ.

૧ ગજના ૨ ફુટ
૦ાાા ગજના ૧ાા ફુટ
૦ાા ગજના ૧ ફુટ
૦ા ગજના ૦ાા ફુટ

૦ાા ફુટનો ૦ા ગજ.

૧ ફુટનો ૦ાા ગજ
૧ાા ફુટનો ૦ાાા ગજ
૨ ફુટનો ૧ ગજ

વારના ફુટ.

૧ વારના ૩ ફુટ
૦ાાા વારના ૨ા ફુટ
૦ાા વારનો ૧ાા ફુટ
૦ા વારનો ૦ાા ફુટ

૦ાા ફુટનો ૦ા વાર

૧ાા ફુટનો ૦ાા વાર
૨ા ફુટનો ૦ાાા વાર
૩ ફુટનો ૧ વાર

રૂપિયાના અર્ધા ૨

રૂપિયાના પાવલા ૪
રૂપિયાની બેઆની ૮
રૂપિયાની એકઆની ૧૬

૧૬ આને ૧ રૂપિયો.

૧૨ આને ૦ાાા રૂપિયો
૮ આને ૦ાા રૂપિયો
૪ આને ૦ા રૂપિયો

રૂપિયાના પાવલા ૪

૦ાાા રૂપિયાના પાવલા ૩
૦ાા રૂપિયાના પાવલા ૨
૦ા રૂપિયાના પાવલા ૧

રૂપિયાની બેઆની ૮

ાાા રૂપિયાની બેઆની ૬
ાા રૂપિયાની બેઆની ૪
ા રૂપિયાની બેઆની ૨

રૂપિયાના પૈસા ૬૪

૦ાાા રૂપિયાના પૈસા ૪૮
૦ાા રૂપિયાના પૈસા ૩૨
૦ા રૂપિયાના પૈસા ૧૬
બે આનીના પૈસા ૮
એક આનીના પૈસા ૪

એકઆનાની ૧૨ પાઈ

૦ાાા આનાની ૯ પાઈ
૦ાા આનાની ૬ પાઈ
૦ા આનાની ૩ પાઈ

પાણોના સરવાળો.

ચોથો ભાગ તે ૦ા
બે પા તે ૦ાા
ત્રણ પા તે ૦ાાા
૦ા ને ૦ા-૦ાા
૦ાા ને ૦ા-૦ાાા
૦ાાા ને ૦ા-૧
૦ા ને ૦ાા-૦ાાા
ાા ને ૦ાા-૧
૦ાાા ને ૦ાા ૧ા
૦ા ને ૦ાાા ૧
૦ાા ને ૦ાાા ૧ા
૦ાાા ને ૦ાાા ૧ાા

પાણોની બાદબાકી

૧-૦ાાા=૦ા
૦ાાા-૦ા=૦ાા
૦ાા-૦ા=૦ા
૦ા-૦ા=૦)
૧-૦ા=૦ાાા
૦ાાા-૦ાા=૦ા
૦ાા-૦ાા=૦)
૧-૦ાાા=૦ા
૦ાાા-૦ાાા=૦)

ગણિત.

મોંઢાના સરવાળા.

(૧) એકને એક ૨. (૨) ત્રણમાં બે ઉમેરીએ તો કેટલા થાય? ૫ (૩) પાંચ કેરી હતી અને તેમાં બે નાંખી તો કેટલી થઈ? ૭ (૪) નવ લખોટીઓ હતી તેમાં છ નાંખી તો કેટલી થઇ? ૧૫ (૫) સોળમાં આઠ નાંખીએ તો કેટલા થાય? ૨૪ (૬) ૧૨ માં નવ નાંખીએ તો કેટલા થાય? ૨૧ (૭) છપનમાં ચાર નાંખીએ તો કેટલા થાય? ૬૦ (૮) ત્રેપનમાં સાત નાંખીએ તો કેટલા થાય? ૬૦.

સરવાળા.

(૧) ૩૫૧	(૨) ૬૪૨	(૩) ૭૬૧	(૪) ૪૮૫	(૫) ૮૯૭૨૪
૪૮૬	૩૧૭	૩૦૦	૧૭	૨૪૯૧૦
૫૧૦	૪૨૩	૯૫	૯૩૪	૪૦૧૬
——	——	——	૪૬૦	૧૮૭૫૧
૧૩.૭	૧૩૮૨	૧૧૫૬	——	૨૦૬૪૫
			૧૮૯૬	——
				૧૫૮૦૮૬

(૬) એક ઠાકોરને પાંચ ગામ છે. એક ગામની ઉપજ ૭૯૩ બીજાની ૧૩૨૭ ત્રીજાની ૩૭૦૭ ચોથાની ૫૦૦૦ હજાર અને પાંચમાની ૧૮૬૮૭ રૂપીઆ છે તો તે ઠાકોરની કુલ પેદાશ કેટલી? આમાં દરેક ગામની ઉપજનો સરવાળો કરવો એટલે ૨૯૫૧૪

(૭) એક માણસે ત્રણ ઘર બંધાવ્યાં. તેમાં આખો ઈંટવાડો ખપી ગયો. પહેલા ઘરમાં ૩૪૫૬૦૦ ઈંટો બીજામાં ૫૭૦૯૬ અને

ત્રીજામાં ૧૮૩૪૬૯ હને। એ ઈંટવાડા કેટલી ઈંટાને। હશે? ઉપર પ્રમાણે કરતાં જવાબ ૫૮૬૧૬૫

(૮) એક જણે ગામ જમાડ્યું તેમાં ૧૩૪૪૫ પુરૂષ ૧૧૬૦૮ બાઈડીઓ ૨૦૭૩૩ છોકરીઓ અને ૨૧૬૯૯ છોકરા જમવાનાં હતાં તે। કુલ જમવામાં માણુસ કેટલાં. માણુસ માગ્યાં છે માટે સરવાળો કરવો. જ. ૬૭૪૮૫

(૯) એક ગામમાં ૭૭ ઘોડા ૫૭૬૭ બળદ ૯૩૦૭ ગાયો ૪૮૮૮ ભેંસા ૨૪૯૦ બકરાં અને ૩૮ ઊંટ છે તો તે ગામમાં બધાં મળીને કેટલાં જનાવર થયાં. ઉપર પ્રમાણે સરવાળો કરો. જ. ૨૨૫૬૭

(૧૦) એક રાજાના લસ્કરમાં ૨૮૪૫ ઘોડેસ્વાર ૨૬૮૫૭ પાયદળ ૮૨૪ તોપખાનાનાં માણુસો અને ૮૨૫૬ ચાકર નોકર હતા. તો આખા લસ્કરનાં કુલ માણુસ કેટલાં. જ. ૩૮૭૮૨

નીચેની સંખ્યાને સાંભળીને લખો.

(૧) નવ્યાશી ૮૯ (૨) એકસો ત્રણ ૧૦૩ (૩) સાતસે સુડતાળીસ ૭૪૭ (૪) નવસેં એક ૯૦૧ (૫) આઠ હજાર સાતસેં તેર ૮૭૧૩ (૬) પંચાણુ હજાર છસેં સાત ૯૫૬૦૭ (૭) છત્રીસ હજાર છન્નું ૩૬૦૯૬ (૮) એક લાખ સતાવીશ હજાર ચારસેં તેર ૧૨૭૪૧૩ (૯) ચાળીશ કરોડ ચાર લાખ છત્રીશ હજાર ત્રણસેં છ ૪૦૦૪૩૬૩૦૬ (૧૦) ઈઠયોતેર કરોડ સાત હજાર ચોપન ૭૮૦૦૦૭૦૫૪

નીચે લખેલી સંખ્યાને વાંચો.

(૧) ૪૭ સુડતાળીશ (૨) ૧૦૪ એકસો ચાર (૩) ૭૪૭ સાતસેં સુડતાળીશ (૪) ૬૫૬ છસેં છપન (૫) ૧૧૪૩૩ અગ્યાર હજાર

ચારસેં તેત્રીશ (૬) ૧૪૫૪૬૬ એક લાખ પીસ્તાળીશ હજાર ચારસેં છાસઠ (૭) ૫૧૯૭૦૪૪ એકાવન લાખ સતાણું હજાર ચુવાળીશ (૮) ૭૫૦૦૦૨૧૩ સાત કરોડ પચાસ લાખ બસો તેર (૯) ૪૪૦૦૪૪૦૦ ચુંવાળી કરોડ ચાર હજાર ચારસેં (૧૦) ૯૧૧૪૨૩ નવ લાખ અગ્યાર હજાર ચારસેં તેવીશ.

જે આંકડા નીચે લીટી દોરી છે તેની કીંમત લખો.

(૧) ૭૪૪=૪૦ (૨) ૧૯૮૯=૯૦૦ (૩) ૧૧૯૯૯૭=૧૯૦૦૦ (૪) ૬૫૬૫૮૯=૫૦૦૦૦,૫૦૦,૯ (૫) ૧૪૩૪૩૫૭=૩૦૦૦૦૫૦,૭, (૬) ૯૯૯૯૯=૯૦૦૦૦,૯૦૦૦,૯૦૦,૯૦,૯ (૭) ૫૩૭૪૬૫૩=૭૦૦૦૦, ૬૦૦,૩

બાદબાકી.

(૧) ૨૭૬૦	(૨) ૬૧૦૪૦૭	(૩) ૨૦૭૦૬૩	(૪) ૭૮૩૯૪૮
૮૧૯	૫૦૮૨૧૨	૧૦૭૪૦૮	૧૭૮૨૬૬
૧૯૪૧	૧૦૨૧૯૫	૯૯૬૫૫	૬૦૫૬૮૨

(૫) એક થેલીમાં ૮૧૭ પૈસા ભરેલા છે, તેમાંથી ૪૪૪ પૈસા કાઢી લીધા, તો પછી થેલીમાં કેટલા રહ્યા? ૩૭૩

(૬) એક રબારીને ત્યાં ૭૦૦ ઢોર હતાં, તેમાંથી ૧૩૫ ગાય રોગ લાગવાથી મરી ગઈ, અને ૨૮૭ વાછરડા વેચ્યા, તો બાકી ઢોર કેટલાં રહ્યાં? ૨૭૮

(૭) એક ગામની ઉપજ ૧૩૮૩ રૂપીઆ છે, તેમાંથી રૂ. ૪૭૪ નોકર વગેરેના ખરચમાં જાય છે, તે જતાં ગામ ધણીને કેટલા રૂપિયા મળશે? ૯૦૯

(૮) એક નિશાળમાં ત્રણ વર્ગ, ને કુલ ૧૨૭ છોકરા છે. પહેલા વર્ગમાં ૧૮ અને બીજામાં ૪૩ છોકરા છે, તો ત્રીજા વર્ગમાં કેટલા છોકરા હશે? ૬૬

(૯) એક માણસ ૭૭ વર્ષની ઉમરે મરી ગયો, તે વખત તેને પરણ્યાને ૫૮ વર્ષ થયાં હતાં, તો તે પરણ્યો ત્યારે કેટલા વર્ષનો હશે? ૧૯

(૧૦) શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવનો જન્મ સન ૧૮૬૩ માં થયો. તો હાલ (સન ૧૯૦૦ માં) તેમની ઉમર કેટલા વર્ષની હશે? ૩૭

(૧૧) એક મેળામાં એક લાખ માણસ ભેગું થયું હતું, તેમાંથી પહેલે દહાડે ૩૫૪૫ માણસ ચાલ્યું ગયું, તો બીજે દહાડે કેટલાં માણસ મેળામાં રહ્યાં હશે? ૬૪૫૯૫

ગુણાકાર.

(૧) ૧૮×૯=૧૬૨ (૨) ૨૫×૭=૧૭૫ (૩) ૮૫૯૦×૫૭૦=૪૮૯૬૩૦૦ (૪) ૨૪૦૮૫×૭૦૦=૧૬૮૫૯૫૦૦ (૫) ૪૦૭૬૮૭×૯૮૭=૪૦૨૩૮૭૦૬૯.

(૬) ૭ કોથળીઓમાં સરખા રૂપીઆ ભરેલા છે. દરેકમાં રૂ. ૨૩૨ છે. તો બધી કોથળીઓમાં થઇને કેટલા રૂપીઆ હશે? ગુણાકાર કરતાં. ૧૬૨૪

(૭) એક આંબાવાડીઆની કેરીઓ પાંચ ભાગે વહેંચી લીધી. દરેકને ભાગ ૬૪૭ કેરી આવી, તો કુલ કેરીઓ કેટલી? ૩૨૩૫

(૮) એક આંબો વેડયો; ને તે ઉપરની કેરીઓ ગણી, તો ૩૬૫ છકડાં થઈ, તો એ આંબા ઉપરથી કુલ કેરીઓ કેટલી ઉતરી કહેવાય? ગુણાકાર કરતાં ૨૧૯૦

(૯) એક માણસને સરકારમાંથી ૧૨૨૫ રૂપીઆ વર્ષાસનના મળે છે,

૧૫ વર્ષનું સામટું વર્ષાસન લે, તો તેને કેટલા રૂપીઆ મળે? ગુણાકાર કરતાં ૧૮૩૭૫

(૧૦) રેલવેવાળા એક માઇલનું ૩ પાઇ ભાડું લે છે, મુંબઇ વડો-દરેથી ૨૬૦ માઇલ થાય છે, તો વડોદરેથી મુંબઇનું ભાડું કેટલી પાઈ થશે? ગુણાકાર કરતા ૭૮૦

ભાગાકાર.

(૧) ૧૪૯૮૬૭૨૮÷૭૨=૨૦૮૧૪૯ (૨) ૯૭૭૬÷૧૬=૬૧૧ જવાબ.

(૩) ૧૧૯૨૨÷૨૮=૪૨૫$\frac{૨}{૨૮}$ (૪) ૯૬૦૧૬÷૨૪=૪૦૦$\frac{૧૬}{૨૪}$ જવાબ

(૫) ૬૭૩૨૦÷૨૦=૩૩૬૬ (૬) ૩૭૯૫૪૬૯÷૭૦=૫૪૨૨૦$\frac{૬૯}{૭૦}$ જ.

(૭) એક ગામની વસ્તીનો ૨૫ મો ભાગ નિશાળે જાય છે. તે ગામની વસ્તી ૭૧૦૫૦ છે, તો નિશાળે ભણનારની સંખ્યા કેટલી? ૨૮૪૨

(૮) એક હોજમાં ૧૦૯૩૫૦ બેડાં પાણી છે. તેમાંથી દર કલાકે ૫૪ બેડાં પાણી ઉલેચવામાં આવે, તો હોજનું પાણી કેટલા કલાકે ખાલી થઈ રહે? ૨૦૨૫

(૯) એક ગામમાં ૩૬૮૫૨ માણસની વસ્તી છે, અને દરેક ઘરમાં સરેરાશ ૧૨ માણસ રહે છે, તો એ ગામમાં ઘર કેટલાં હશે? ૩૦૭૧

(૧૦) એક રૂપીઆની ૪૭ કેરી મળે, તો ૧૬૩૫૬ કેરીના કેટલા રૂપીઆ બેસે? ૩૪૮

(૧૧) કપડાં વણવાના કારખાનામાં ૫૫ ભાગીદાર છે. કારખાનાએ ૪૫૪૮૫ નફો મેળવ્યો, તો દરેક ભાગીદારને કેટલો નફો મળશે? ૮૨૭

(૧૨) એક પલટણનું વાર્ષિક ખર્ચ ૭૨૦૦૦ રૂપિયા થાય છે. દરેક સીપા-ઇનું વાર્ષિક ખર્ચ રૂ. ૯૬ છે, તો તે પલટણમાં કેટલા સીપાઈ હશે? ૭૫૦

(૧૩) એક છાપરા ઉપર ૮૧૭૩૨ નાળો ચઢાવેલી છે, એ નાળોની ૮૪ હાર થઈ છે, તો દરેક હારમાં કેટલી નળો હશે? ૯૭૩

પ્રસિદ્ધિ પત્ર.

આ અને નીચે જણાવેલા પુસ્તકો નીચે સહી કરનાર પાસેથી મળશે.

૧ સંસ્કૃત માર્ગોપદેશિકાની નોટ—જેમાં સંસ્કૃત વાક્યોનું ગુજરાતી તેમજ ગુજરાતી વાક્યોનું સંસ્કૃત તથા નિયમોની સમજ આપી છે. ટ્રેનીંગ કોલેજની ૧ ૨ વર્ષની પરીક્ષા માટે ઉપયોગી. કી. ૦–૫–૦ પાકું પુઠું ૦–૭–૦

૨ લઘુ સ્તોત્ર સંગ્રહ—જેમાં પુરાણોક્ત રુદ્રાભિષેક મહિમ્ન શક્રાદિ દેવકૃત દેવી સ્તુતિ નવગ્રહ મંત્ર, અને ઉપમંત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે બ્રાહ્મણના બાળકોને ઉપયોગી. કી. ૦–૧–૬

૩ વિદ્વજ્જન ગોષ્ઠિ—જેમાં વિદ્યાદિ ગુણ રહીત માણસ દુનીઆના સર્વ પદાર્થ કરતાં ઘણોજ હલકો છે–એ એક રમુજી સંવાદરૂપે બતાવ્યું છે. કી. ૦–૧–૦

૪ અંબિકા નખ શિખાન્ત વર્ણન કાવ્ય—જેમાં અંબાજીની સ્તુતિ ઘણીજ રસિક અને અલંકારિક ભાષામાં આપેલી છે શ્લોક તેમ અર્થ સાથે. કી. ૦–૧–૦

૫ આયુર્વેદ સારાવલી—પુસ્તક છપાય છે. કી અગાઉથી ગ્રાહક થનાર પાસે ફક્ત ૦–૪–૬ પાછળથી ૦–૮–૦ પૃષ્ઠ ૧૫૦) ને આશરે થશે પાકા પુઠા સાથે. જેમાં દેશી તથા ઇંગ્રેજી દવાના અકસીર ઉપાયો; કોકશાસ્ત્રનું રહસ્ય. જ્યોતિઃસંગ્રહ, પ્લેગ કોલેરા વખતે રાખવી જોઇતી સાવચેતી વગેરેને સંપૂર્ણ રીતે બતાવી છે પુસ્તકના પૈસા પહેલેથીજ આવ્યા હશે તેને ગ્રાહક ગણાવામાં આવશે. સર્વ પુસ્તકનું પોસ્ટેજ કીમત ઉપરાન્ત સમજવું.

એક અગત્યની સૂચના આ અને હવે પછીથી ઉપરની કંપની તરફથી આવીજ સ્કીમ ઉપર ૩–૪–૫–૬ ધોરણની નોટો તૈયાર થવાની છે તેમાંથી જેઓ ૧૦૦) કોપી મંગાવશે તેમને સારૂં કમીશન મળશે. પત્રવહેવારથી નક્કી કરવું.

મગનલાલ ભાઇશંકર શાસ્ત્રી.

નાગરકુવો—પેટલાદ. અગર ચલાળા–કાઠીયાવાડ.